<u>**એમ.એ.સી.પી. નં. ૪૩૫/૨૦૨૪**</u>

## <u>આંક–૧ નીચે હુકમ</u>

અરજદાર/અરજદારના વિ. વકીલ શ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ.વ.શ્રીએ હાજર થઇ આજરોજ **આંક–૦૭** થી સમાધાન રજુ કરતા તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરૂપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઇમ સંબંધે સામાવાળા નંબર. ૨(વીમા કંપનીનું નામ) <u>**નેશનલ ઈન્શ્યુરન્સ કાું.લી.**</u> વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ પેટે વળતર ના રૂ. <u>**૭૦,૦૦૦/–**</u> અંકે રૂપીયા <u>**સિત્તેર હજાર રુપિયા પુરા**</u> ચુકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાલી રકમ સુધી પોતાનો કલેઇમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઇમની જવાબદારીમાંથી મુક્ત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી સમાધાન મુજબની રકમ ઉપર સમાધાનની તારીખથી દર વર્ષે <u>**૯%**</u> ના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

(૪) કોર્ટ ફી ભરેલ હોય તો નિયમ મુજબ અરજદારના નામનુ કોર્ટ ફી રિફંડ કરવું.

ઉપરોક્ત વિગતે હુકમનામું દોરવુ.
હુકમ આજરોજ ખુલ્લી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૯/૨૦૨૪**

અમદાવાદ

**(એ. એસ. વ્યાસ)**
મોટર એક્સીડેન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ,
સહાયક નંબર – ૭
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા,
અમદાવાદ